RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 188* Date: 06.05.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટ યથાવત્: નવા ૩૯૦૦ કેસ ઉમેરાતા આંકડો ૪૬ હજારને પાર

# ચિંતાજનક: કોરોનાથી ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૯૫ના મોત

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપ ફેલાવવાની શરૂઆત થયાં બાદ છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૩૯૦૦ એટલે કે લગભગ ૪ હજાર પોઝીટીવ કેસો નોંધાયા છે અને છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૧૯૫ લોકોના મોત કોરોનાથી થયાં છે. દર કલાક મુજબ જોઈએ તે છેલ્લાં ૨૪ કલાકમાં પ્રતિ કલાકે ૮થી ૯ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવ્યો છે. જો કે રાહત સમાન બાબત એ પણ છે કે અત્યારસુધીમાં ૧૨ હજાર કરતાં વધુ લોકો કોરોનેને હરાવીને સાજા પણ થયાં છે. કોરોનાન લોકડાઉનમાં ફસાયેલા શ્રમિકો માટે આજે પણ ખાસ ટ્રેનો દાડાવવામાં આવી હતી. દારૂની દુકાનો ખુલી ગઈ હોવા છતાં ગાઝિયાબાદમાં દારૂના બદલે સેનેટાઈઝર પી જવાથી બે લોકોના મોત થયા છે. દિલ્લી સરકારે આજથી દારૂ પર 'સ્પેશિયલ કોરોના ફી' લગાવી છે. આ ફી MRP પર ૭૦% લાગશે. પરિણામે દિલ્હીમાં શરાબ મોંઘી બની હોવા છતાં દારૂ ખરીદનારાઓની ૩-૩ કિ.મી. લાંબી લાઈનો જોવા મળી હતી.




દેશમાં અત્યાર સુધી ૪૬,૪૩૭ લોકો સંક્રમિત થયા છે અને ૧,૫૬૮ લોકોના મોત થયા છે. સાથે જ સમગ્ર દેશમાં ૧૨,૮૪૭ લોકો સાજા થયા છે.મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૫૪૧ થઈ ગઈ છે. બીજા નંબરે ગુજરાતમાં દર્દીઓનો આંકડો પાંચ હજારને પાર થઈ ગયો છે.રાજધાની દિલ્હી હાલ ૪,૮૯૮ સંક્રમિતો સાથે ત્રીજા નંબરે છે. આ આંકડા covid19india.org અને રાજય સરકાર પાસેથી મળેલી માહિતી પ્રમાણે છે.

લોકડાઉન વચ્ચે ગુજરાતથી બીજા રાજ્યોના ૧૨૦૮ મજૂરોને લઈને નિકળેલી ટ્રેન મુઝફ્ફરપુર પહોંચી ગઈ છે દિલ્હીમાં અર્ધસૈનિક બળમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૫૦ને પાર થઈ તો રાજસ્થાનના નાગૌરથી ઝારખંડના ૯૦૫ મજૂર બરકાકાના સ્ટેશન પહોંચ્યા હતા. ગાઝિયાબાદમાં દારૂના બદલે સેનેટાઈઝર પી જવાથી બે લોકોના મોત થયા છે.દરમ્યાનમાં, આરોગ્ય વિભાગના જણાવ્યાં પ્રમાણે, ભારતમાં કોરોના વાયરસના પૉઝિટીવ કેસોની સંખ્યા વધીને ૪૬૪૩૩ થઈ ગઈ છે. જ્યારે આ મહામારીથી અત્યાર સુધીમાં ૧૫૬૮ લોકોના મોત થયા છે. કુલ ૪૬૪૩૩ કેસોમાં ૩૨૧૩૪ સક્રિય કેસ છે, ૧૫૬૮ જણાંના મોત થયા છે., ૧૨૭૨૭ સાજા થયા છે. અને છેલ્લા ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધારે એવા ૩૯૦૦ નવા કેસ સામે આવ્યા છે તો બીજી તરફ છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૧૯૫ લોકો કોરોનાથી માર્યા ગયા છે. ગઈકાલે સોમવારે ૮૩ જણાંના મોત થયા હતા. ભારતમાં કોરોનાના મામલા વધીને ૪૬૪૩૩ થઈ ગયા છે. અત્યાર સુધી ૧૫૬૮ લોકોના જીવ ચાલ્યા ગયા છે. રાહતની વાત એ છે કે ૧૨૭૨૭લોકો ઠીક થઈ ઘરે પહોંચી ગયા છે.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૪,૫૪૧ કેસ સામે આવ્યા છે. સંક્રમિતના પગલે ૫૮૩ લોકોના મૃત્યુ થયા છે.અંદમાન નિકોબારમાં ૩૩ કેસ સામે આવ્યા છે. જ્યારે હજુ સુધી કોઇ મૃત્યુ નોંધાયુ નથી. અરૂણાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં એક જ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત સામે આવ્યો છે. આ ઉપરાંત રાજ્યામાં કોઇ મોત થયુ નથી.આ ઉપરાંત જો આસમમાં ૪૩ કેસ સામે આવ્યા છે. જ્યારે એક વ્યક્તિનું મોત નિપજ્યુ છે.બિહારમાં કોરોનાના ૫૨૮ કેસ સામે આવ્યા છે. જ્યારે ૪ લોકોના મોત નિપજ્યા છે.ચંદીગઢમાં ૧૦૨ કેસ સામે આવ્યા છે. જ્યારે એકનું મોત નિપજ્યા છે.છતીસગઢમા ૫૮ કેસ સામે આવ્યા છે. જ્યારે મૃત્યુ નોંધાયુ નથી.ગોવામાં કોરોનાના ૭ કેસ સામે આવ્યા હતા. જે તમામને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેના પગલે ગોવા હાલમાં કોરોનામુક્ત રાજય છે.ગુજરાતમાં કોરોનાના સંક્રમિતોની સંખ્યામાં પણ ઉત્તરોતર વધારો જોવા મળી રહ્યો છે. આંધ્રપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ નવા કોવિડ-૧૯ પૉઝિટીવ કેસ સામે આવ્યા જેમાં રાજયમાં કુલ કેસોની સંખ્યા ૧૭૧૭ થઈ ગઈ છે. મૃતકોનો આંકડો ૩૪ છે.

કેરલમાં કોરોનાના ૫૦૦ કેસ સામે આવ્યા છે. જ્યારે ૪ લોકોના મોત નિપજ્યા છે. લદાખમાં ૪૧ કેસ સામે આવ્યા છે.મધ્ય પ્રદેશમાં કોરોનાના ૨૯૪૨ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૬૫ લોકોના મોત નિપજ્યા છે.રાજસ્થાનમાં કોરોનાના ૩૦૬૧ કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ૭૭ લોકોના મોત નિપજ્યા છે.તેલંગણામાં કોરોનાથી ૧૦૮૫ લોકો સંક્રમિત થયા છે. જ્યારે ૨૯ લોકોના મોત નિપજ્યા છે.ઉત્તર પ્રદેશમાં સંક્રમિતનો આંકડો ૨૭૬૬ પર પહોંચ્યો છે. જ્યારે મૃત્યુઆંક ૫૦ પર પહોચ્યો છે.પશ્ચિમ બંગાળમાં કોરોનાના ૧૨૫૯ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૩૩ લોકોના મોત નિપજ્યા છે

કોરોના લડાઈમાં એનસીસીનો પણ ઉપયોગ થઈ રહ્યાંછે, અને તેથી જ તેને ધ્યાનમાં રાખીને કેન્દ્રના સંરક્ષણમંત્રી રાજનાથસિંહે જણાવ્યું કે, કોવિડ-૧૯ની આ સંકટની ઘડીમાં આપણા એનસીસી કેડેટ્સ અને ડાયરેક્ટોરેટ્સની જે ભૂમિકા રહી છે તે પ્રશંસનિય છે. આ ઘડીમાં આપણા એનસીસી કેડેટ્સે જે બહુમૂલ્ય યોગદાન આપ્યુ છે તેના પર અમને સંપૂર્ણપણે ગર્વ છે.

### નોબેલ વિજેતા અભિજીત બેનર્જીએ અર્થતંત્રને સુધારવાનો મંત્ર આપ્યો

# દેશને આર્થિક પેકેજની જરૂર: અભિજીત બેનર્જી

*ન્યુ દિલ્હી,તા.૫*

જાણીતા અર્થશાસ્ત્રી અને નોબેલ પારિતોષિક વિજેતા અભિજીત બેનર્જીએ કોરોના મહામારીથી ભારતના અર્થથંત્રને લોકડાઉનથી પડી રહેલી મુશ્કેલીઓના ઉપાય તરીકે દેશની મોટી વસ્તીના હાથમાં રોકડા પૈસા આપવાનો ઉપાય દર્શાવ્યો છે. જેથી રોકડ રકમ હાથમાં આવતાં લોકોની ખરીદશક્તિ વધતાં બજારમાં ખરીદી વધશે અને અર્થતંત્રની આકી ચેઈન કે જે કોરોનાથી તૂટી ગઈ છે તે ફરીથી ધમધમશે, લોકોને લોકડાઉનમાં ખાવાનું મળતું નથી, તેના ઉપાય તરીકે તેમણે એવો રસ્તો સૂચવ્યો છે કે જેમની પાસે રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ. જેથી તેને અનાજ વગેરે. મળી શકે. તેમણે ખેડૂતોનું દેવું માફ કરવાની સખત જરૂર હોવાનો મત પણ દર્શાવ્યો હતો. તેઓ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા લોકડાઉનમાંથી ભારતને ઉગારવાના પ્રયાસ રૂપે જાણીતી હસ્તિઓની સાથે વાતચીત કરીને તેમના વિચારો સરકાર અને પ્રજા સમક્ષ મૂકી રહ્યાં છે.

કોરોના મહામારીનો માર ઝીલી રહેલા દેશના અર્થતંત્રને પાટા પર લાવવા માટે સરકારને દેશની એક મોટી વસતી પાસે પૈસા પહોંચાડવા પડશે. નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અભિજીત બેનર્જીએ મંગળવારના રોજ કહ્યું કે કોરોના સંકટનો માર ઝીલી રહેલા અર્થતંત્રને પાટા પર લાવવા માટે દેશની વસતીના એક મોટા હિસ્સાના હાથમાં એટલે કે લગભગ ૬૦ ટકા વસ્તીના હાથમાં પૈસા પહોંચાડવા પડશે. રાહુલ ગાંધી સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ચર્ચા દરમ્યાન બેનર્જીએ એ વાત પર પણ જોર આપ્યું કે ભારત સરકારને અમેરિકા અને કેટલાંક બીજા દેશોની જેમ મોટું પ્રોત્સાહન પેકેજ આપવું પડશે જેથી કરીને લોકોના હાથમાં પૈસા આવે અને બજારમાં માંગ વધી શકે.

શું 'ન્યાય'ની યોજનાના તર્જ પર લોકોને પૈસા આપી શકાય, એવા એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે 'ચોક્કસ' આપી શકાય તેમ છે.. સાથો સાથ તેમણે એમ પણ કહ્યું કે જો આપણે નીચલા વર્ગના ૬૦ ટકા વસતીના હાથમાં થોડાંક પૈસા આપીએ છીએ તો તેમાં કશું ખોટું હશે નહીં. આ એક પ્રકારનું પ્રોત્સાહન હશે. જો કે પાછલી લોકસભા ચૂંટણીના સમયે તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૨૫મી માર્ચના રોજ 'ન્યાય'નું વચન આપ્યું હતું. તેના અંતર્ગત દેશના અંદાજે પાંચ કરોડ ગરીબ પરિવારોને વાર્ષિક ૭૨૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. બેનર્જીએ એમ પણ કહ્યું કે જેમની પાસે રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ જેથી કરીને તેમને અનાજ મળી શકે. બેનર્જીએ એમ પણ કહ્યું કે જરૂરિયાતમંદ સુધી પૈસા પહોંચાડવા માટે રાજ્ય સરકારો અને બિન સરકારી સંગઠનોની મદદ લઈ શકાય છે. તેમણે અમેરિકા અને બ્રાઝીલમાં રાષ્ટ્રપતિઓનો હવાલો આપતા કહ્યું કે એ ખોટી ધારણા છે કે આવા સંકટના સમયમાં 'મજબૂત વ્યકત્તિ' સ્થિતને ઉકેલી શકે છે.

આ અગાઉ, આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનની સાથે આ રીતે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં રાજને કોરોના વાયરસનું સંક્રમણ ફેલાતું રોકવા માટે લોકડાઉનનો સાવધાનીપૂર્વક ખાત્મો કરવાની પેરવી કરતાં કહ્યું હતું કે ગરીબોની મદદ માટે સીધા તેના ખાતામાં પૈસા મોકલવામાં આવે અને તેના પર અંદાજે ૬૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ થશે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના વાઈરસના સંકટ અને તેની આર્થિક અસર અંગેના વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મંગળવારે નોબલ પુરસ્કારથી સન્માનિત અર્થશાસ્ત્રી અભિજિત બેનર્જી સાથે વાતચીત કરી હતી. અર્થવ્યવસ્થા અને સ્વાસ્થ્યના નિષ્ણાંતો સાથેની ચર્ચા સિરિઝના ભાગરૂપે કોંગ્રેસના નેતાએ મંગળવારે સવારે ૯ કલાકે નોબેલ વિજેતા અભિજિત બેનર્જી સાથે કોરોના વાઈરસથી થયેલા આર્થિક નુકસાન અને આ રોગચાળાને કારણે દેશમાં લોકડાઉન અંગે વાત કરી હતી. તેમને ટ્વીટરના માધ્યમથી આ વિશે માહિતી આપી હતી.

# કાશ્મીર ઘાટીના કવરેજ માટે ૩ ભારતીય ફોટોગ્રાફર્સને પુલિત્ઝર પુરસ્કાર મળ્યો

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતના ત્રણ ફોટોગ્રાફરને પ્રતિષ્ઠિત પુલિત્ઝર પુરસ્કાર મળ્યો છે. ખાસ વાત એ છે કે આ ત્રણે ફોટોગ્રાફર જમ્મુ કાશ્મીરના નિવાસી છે. ગયા વર્ષે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કર્યા બાદની પરિસ્થિતિને કેમેરામાં કેદ કરવા બદલ યાસીન ડાર, મુખ્તાર ખાન અને ચન્ની આનંદને પુલિત્ઝર ફીચર ફોટોગ્રાફી એવોર્ડ મળ્યો છે. આ ત્રણે લોકો ન્યૂઝ એજન્સી એપી(એસોસિએટેડ પ્રેસ) માટે કામ કરે છે.યાસિન અને મુખ્તાર બંને શ્રીનગરમાં રહે છે, જ્યારે આનંદ જમ્મુ જિલ્લામાં રહે છે. ગયા વર્ષે પાંચ ઓગષ્ટના રોજ ભારત સરકારે જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર કરી અને આખા રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં વહેંચી દીધું. ત્યારબાદ ત્યાં મહિનાઓ સુધી કર્ફ્યુ લાગેલો રહ્યો અને ટેલિફોનની સાથે સાથે ઈન્ટરનેટની સુવિધા ઉપર પણ પ્રતિબંધ હતો. આ ત્રણે ફોટોગ્રાફરોએ કાશ્મીર ઘાટીમાં કલમ ૩૭૦ હટ્યા બાદના જનજીવન, પ્રદર્શન, પોલીસ અને સૈન્યની તસવીરોને દુનિયા સુધી પહોંચાડી હતી. જે બદલ તેમને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.ચન્ની આનંદ છેલ્લા ૨૦ વર્ષથી એપી સાથે જોડાયેલા છે. પુલિત્ઝર પુરસ્કાર મળતા આનંદે જણાવ્યું કે, હું આશ્ચર્યચકિત છુ. મને હજુ પણ વિશ્વાસ નથી થતો. ખરેખર તો આ પુરસ્કારની ઘોષણા ગયા મહિને થવાની હતી, પરંતુ કોરોના વાયરસના કારણે તે સ્થગિત કરવામાં આવી હતી. જે હવે કરવામાં આવી છે.

પુલિત્ઝર પુરસ્કારની શરુઆત ૧૯૧૭માં કરવામાં આવી હતી. પુલિત્ઝર પુરસ્કાર અમેરિકાનો પ્રમુખ પુરસ્કાર છે. જે ન્યૂઝ પેપર, પત્રકારત્વ, સાહિત્ય અને સંગીત જેવા ક્ષેત્રમાં નોંધપાત્ર કામ કરનારા લોકોને આપવામાં આવે છે. આ આ વર્ષે ધ ન્યૂ યોર્કર, ધ વોશિંગટન ટાઈમ્સ, ધ લોસ એંજલસ ટાઈમ્સ, અસોસિએટેડ પ્રેસ જેવા પ્રતિષ્ઠિત ન્યૂઝ પેપર અને સમાચાર એજન્સીઓને તેમના અલગ અલગ સમાચાર માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

# શહીદ કર્નલ આશુતોષને રાજકીય સમ્માન સાથે અપાઈ અંતિમ વિદાઈ



*જયપુર,તા.૫*

આતંકવાદીઓ સામે લડતી વખતે વીરગતિ પ્રાપ્ત કરનાર શહીદ કર્નલ આશુતોષ શર્માને આજે જયપુર સ્થિત તેમના પૂર્વજોના નિવાસ સ્થાને રાજ્ય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ સમય દરમિયાન દરેકની આંખોમાં પાણી હતુ. કર્નલ આશુતોષ શર્મા હંદવાડામાં આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા હતા, આ દરમિયાન તેઓ તેમના ૪ સાથીઓ સાથે શહીદ થઈ ગયા હતા, શહીદ કર્નલ આશુતોષ અગાઉ આવા અનેક ઓપરેશનનું નેતૃત્વ કરી ચુક્યાં હતાં. તેમને વીરતા માટે ૨ શૌર્ય એવોર્ડ પણ મળ્યા હતા.

શહીદ કર્નલ આશુતોષ શર્માની હિંમતનાં કિસ્સાઓ સાંભળી આજે ભારતને ગર્વ છે. કર્નલની શહાદત પર ઘણી આંખો પાણીથી ભરાયેલી છે. પરંતુ કર્નલનાં પરિવારની હિંમત સમગ્ર દેશ માટે એક દાખલાથી ઓછી નથી, માતા અને પત્નીની આંખોમાં આંસુ નથી અને તેમની દીકરી પણ રડી રહી નથી. પરંતુ તેમને તેમના કર્નલ પુત્ર, તેમના કર્નલ પતિ, તેમના કર્નલ પિતા પર ગર્વ છે.

# દિલ્હી સરકારે દારૂ ૭૦ ટકા મોંઘો કર્યો છતાં લાઈનો યથાવત્

*ન્યુ દિલ્હી,તા.૫*

'હુઈ મહંગી બહુત હી શરાબ કે થોડી થોડી પિયા કરો, પિયો લેકિન રખો હિસાબ કે થોડી થોડી પિયા કરો'.

દિલ્હીમાં દારૂ પર દિલ્હી સરકારે 'કોરોના ટેક્સ' લગાડી દીધો છે. દિલ્હીમાં શરાબ ૭૦ ટકા મોંઘો મળશે. સરકારના આદેશ અનુસાર દારૂના વેચાણ પર 'સ્પેશિયલ કોરોના ફી'ના નામથી ટેક્સ લગાડી દીધો છે. હવે સ્ટૅ પર ૭૦ ટકા આ નવો ટેક્સ લાગશે.દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે એ દુર્ભાગ્યપૂર્ણ છે કે દારૂની દુકાનો પર અફરાતફરી જોવા મળી. અમને સોશિયલ ડિસ્ટન્સિંગ અને અન્ય નિયમોના ઉલ્લંઘનની માહિતી મળશે તો એ વિસ્તારને અમારે સીલ કરવો પડશે. દુકાનમાલિકોએ જવાબદારી લેવી પડશે. જો કોઈ દુકાન પર સામાજિક અંતર નિયમનું ઉલ્લંઘન થશે તો એ દુકાન બંધ કરાવી દેવામાં આવશે. હું દિલ્હીવાસીઓને અપીલ કરું છું કે બહાર નીકળતી વખતે માસ્ક લગાવો અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરો અને હાથ ધોતા રહો.સોમવારે લોકડાઉન-૩ અંતર્ગત અપાયેલી અમુક છૂટછાટોને પગલે દિલ્હીમાં વાઈન શોપ્સ સહિત ૭૦૦થી વધુ દુકાનો ખૂલી હતી. પરંતુ ભારે ભીડ અને લોકડાઉનના નિયમોનું પાલન નહીં કરવાને કારણે માત્ર બે જ કલાકમાં પોલીસે બધી દુકાનો બંધ કરાવી દીધી હતી.

# કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે આતંકી હુમલો: બે જવાન સહિત છ ઘાયલ

*બડગામ,તા.૫*

કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે સુરક્ષાદળોને આતંકવાદીઓએ નિશાન બનાવ્યા છે. આજે કાશ્મીરના બડગામ જિલ્લામાં સીઆરપીએફની એક ટુકડી પર આતંકીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો.જેમાં સીઆરપીએફના બે જવાન અને ચાર સ્થાનિક લોકો ઘાયલ થયા છે.જેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે.

આ હુમલા બાદ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને હુમલાખોર આતંકીઓની શોધખોળ શરુ કરી દેવાઈ છે.કોરોનાની મહામારી વચ્ચે પાકિસ્તાને સરહદ પરથી આતંકીઓની ઘૂસણખોરીના પ્રયત્નોમાં ભારે વધારો કર્યો છે.જેના પગલે કાશ્મીરમાં સુરક્ષાદળોને હવે કોરોના અને આતંકવાદીઓ એમ બે મોરચે લડવાનુ આવ્યુ છે.ગઈકાલે પણ સીઆરપીએફની ટુકડી પર હુમલો થયો હતો.આ પહેલા હંદવાડામાં સેનાના એક કર્નલ સહિત પાંચ જવાનો શહિદ થયા હતા.

જો કે સીઆરપીએફના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, બંને જવાનોને સાધારાણ ઈજા થઈ છે.બાકીના નાગરિકોની હાલત ગંભીર છે.

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા ૪૪૧ .રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો ૬૨૪૫ ,ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૯લોકોનાં મૃત્યુ.. રાજ્યમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા૧૩૮૧.**

**અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરા હોમ કોરેન્ટીન.તેમની જગ્યાએ શ્રી મુકેશકુમાર ને ચાર્જ સોંપાયો...**

# ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક બાળ વિભાગ (પદ્ય) અહેવાલ: જીજ્ઞા કપુરિયા

બાળ વિભાગ - - -
શીર્ષક---ચકલીનો માળો

આ ચકલીનો માળો!
કેવો અનોખો? આ ચકલીનો માળો!
સૂર્યના કુણાં તડકાથી ચકચકિત, આ ચકલીનો માળો.
બચ્ચાંઓના કલબલાટથી જીવંત લાગતો,
આ ચકલીનો માળો.
સંઘર્ષ, ધૈર્ય અને મહેનતના ફળરૂપી બંધાયેલો, આ ચકલીનો માળો.
આયોજન અને નિરાશ ન થવાની શીખ આપતો, આ ચકલીનો માળો.
કેવો અનોખો! કેવો અદ્ભૂત! સંઘર્ષ ફળરૂપી, આ ચકલીનો માળો.
ભવિષ્યમાં દ્રશ્યમાન થાય તો અહોભાગ્ય!
આ ચકલીનો માળો.
બાળકવિયત્રી----શુક્લ ઈશા પ્રણવકુમાર
જામ ખંભાળીયા - જી. દેવભૂમિ દ્વારકા

કોરોનાની ભવાઈ
'બાલ ગીત'

હાથીભાઈ ઓ હાથીભાઈ,
જુઓ આ કોરોનાની ભવાઈ,
કરાવવી છે મારે તો દાઢી,
ગોતીને આપો મુજને નાચી.
બાબૂ બંદરની સાંભળી વાત,
હાથીભાઈએ સ્મરી છે નાત,
સાંભળી સભાનો અનોખો સાદ,
આવવા લાગ્યા સૌ રાતોરાત.
કલબલ કરતી આ કાબર કેશી
શકરો બાજ અને ચકલી દેશી
શંકુ સમડી તો દોડતી આવી,
સાથે જ કોયલ કાળી પ્રવેશી,
મધુર મોરલો,કાણિયો કાગડો,
ગભરુ કબૂતર તાણતું રાગડો,
બુલબુલ બોખી,કાળીયો કોશી,
આવ્યો હોલો બનીને રાંકડો.
વીરજી વાઘને,ચંપૂ ચિત્તો,
બચ્ચન બિલ્લો આવ્યો બીતો,
ગંગારામનું સાંભળી હોંચી,
શંભુ સિંહનો જ ગયો છે પિત્તો.
હસતું કૂદતું હરણિયું આવ્યું,
સાથે સુંદર પતંગિયું લાવ્યું,
શિયાળ લુચ્ચું તો છાનુંમાનું,
કોઈની સાથે ના એને ફાવ્યું.
સભા ભરાઈ છે આખેઆખી,
હીરુ હાથીએ ચિંઘાડ નાખી,
વાત અનોખી આવી છે સામે
સાંભળજો હૈયે હિંમત રાખી.
વધી ગયા દેખો હવે તો વાળ,
નથી લેવાતી એની સંભાળ.
ગોતવો પડશે હવે તો નાચી,
ક્યાંથી મળશે એની જ ભાળ.
બાંધી બુકાની વાંદરા ભાઈ,
આવ્યા સભામાં,લાગી નવાઈ,
સાબુથી ધોયા છે બંને હાથ,
પછી બોલ્યા વગાડીને ગાઈ,
છેટા રહેજો એકબીજાથી,
લાવ્યો બુકાની,પહેરો સાથી,
હાથ જો ધોશો વારેઘડીએ,
લેશું દોસ્તો કોરોના નાથી.
રોગ મોટો છે સંભાળ સારી,
કરવી પડશે પૂરી તૈયારી,
ઘરમાં રહેશો તો સૌ સલામત,
થાશે નહી તો નુકસાન ભારી.
બાબુ બંદરની સાંભળી વાતો,
શંભુ સિંહ બોલ્યો છે મુસ્કાતો,
ઈનામનો છે હકદાર સાચો,
મંત્રી આજથી ખૂબ માનીતો,
સાંભળી લો સૌ ખોલીને કાન,
લેજો સઘળા નિયમનું સંજ્ઞાન,
પાળજો સૌ જાતે જ સમજીને,
નહીંતર ખોશો પોતાનો જાન.
ડો. કિશોર ઠક્કર, ગાંધીધામ.

વિષય - હાઈકુ

(૧) સંબંધમા હું
શોધુ સંવેદનાને
મળે હતાશા

(૨) સમય કહે
નથી રહેવાનો હું
કાયમ તારો

(૩) લેશન કરી
કરીને થાકયો હું
ન મળ્યું જ્ઞાન

(૪) પડછાયો હું
સાથે રહીશ તારી
હંમેશ માટે

(૫) બે હાથ મારા
જોડી કરુ પ્રાર્થના
સાંભળે આત્મા

ઉત્સવ અવિનાશભાઈ જોષી (ધો.૮) બોટાદ

મમ્મી મારે બનવું છે દેશનો સિપાઈ
પપ્પા મારે બનવું છે દેશનો સિપાઈ
થોડુંક કરવા તે દેશનું કામ
રોશન કરવા તે દેશનું નામ
મા ભોમને કરવા પ્રણામ
મમ્મી મારે બનવું છે દેશનો સિપાઈ
દુશ્મન ભલે હોય હજાર
બંદૂકથી કરવા મારે ઠાર
હિંદનો કરવા જયજયકાર
મમ્મી મારે બનવું છે દેશનો સિપાઈ
તિરંગાનુ રાખવા માન
દેશની વધારવાને શાન
દેશ માટે થવા કુરબાન
મમ્મી મારે બનવું છે દેશનો સિપાઈ
મેહુલ ત્રિવેદી ખેરાળી

મુંબઈ.બાળગીત
ગાંધીજી
આવો બાળકો તમને મળાવું, એક વિશેષ વ્યક્તિથી
સત્ય અહિંસાના પૂજારી, મહામાનવ ગાંધીજી.
પ્રણામ ગાંધીજી..(૨)
ચરખો લઈને સૂતર કાંત્યું, સન્માન આપ્યું ખાદીને,
પરદેશીનો બહિષ્કાર કરીને અપનાવ્યું સ્વદેશીને.
પ્રણામ ગાંધીજી..(૨)
સત્યાગ્રહ, અસહકારથી જાગૃત કર્યા લોકોને,
ગુલામીમાંથી આઝાદ કરીને, કાઢ્યા અંગ્રેજોને.
પ્રણામ ગાંધીજી..(૨)
સાદું જીવન ઉચ્ચ વિચાર, જીવનમાર્ગ અપનાવ્યો,
ના બુરું જુઓ, સાંભળો, બોલો, નો મંત્ર સમજાવ્યો.
પ્રણામ ગાંધીજી..(૨)
સાચા અર્થમાં સમજીને અપનાવીએ મૂલ્યોને,
દેખાડા છોડી, શ્રદ્ધાંજલિ આપીએ ગાંધીજીને.
પ્રણામ ગાંધીજી..(૨)
ચેતના ગણાત્રા. "ચેતુ" મુંબઈ.

શીર્ષક-ઘડિયાળ બોલે છે

ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે
બાળક સૌ ઉંઘમાંથી જાગે.........
ટીનુ બેટા વહેલા ઉઠી દંતમંજન કરીલો
સ્નાન કરી સૂરજદેવને જળ ચડાવી લો
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે.....
શરીરને તંદુરસ્ત રાખવા હળવી કસરત (યોગા) કરીલો .જીવનમાં થોડીથોડી મોજ કરીલો
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે......
બા-દાદાને પાયવંદન કરી લો
નાસ્તા સાથે બોનવીટા ગટ ગટ પીલો.
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે....
નશાળ જવા માટે દફતર ભરીલો
લંચબોક્સ અને પાણીની બોટલ ભરીલો
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે...
નિશાળેથી ઘેર આવી થોડો આરામ કરીલો
રમત ગમત રમ્યા પછી હોમવર્ક કરીલો
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે.....
ઘરના કામ કરી મમ્મી પપ્પા સાથે થોડી નિશાળની વાતો કરી લો.વહેલા ઉઠવાનુ વચન
આપી વહેલા સૂઈ જાવ...
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે..
મીનીમ્યાંઉ ??સાથે થોડી ગપસપ કરીલો
હાથ જોડી પ્રભુની પ્રાર્થના કરીલો..
ટીક ટીક ટીક મારી ઘડિયાળ બોલે.....
મીના માંગરોલીયા મીન

શીષેકઃ Perks of Quarantine .*

Staying home all day ,
These quarantined minds have paved their way .
Surprisingly men have started doing household wroks ,
And now know it's perks .
Hobbies are now cherished and perceived ,
Which were once not given heed .
New talents are being discovered ,
Which were once unrecognized .
Father's pocket is now saved,
From getting pick pocketed .
Mind was like a blank page ,
Which now became idea's new stage .
Old misunderstandings have been cleared ,
And new ones are yet to appear .
Relations have become stronger ,
Those old problems don't bother .
Kitchen doro of the house opened 24/7,
Fro the food lovers it's just like heaven .
નેહા પારેખ ઉંમરઃ ૧૮ વર્ષે.

## પ્રવર્તમાન કોરોના વાયરસ લોક ડાઉન વાયરસ-લોકડાઉનની સ્થિતીમાં ગુજરાતમાં

# રોજી-રોટી માટે વસતા અન્ય રાજ્યો-પ્રાંતના ૩.૨૫ લાખ શ્રમિકો-વ્યકિતઓને વતન – રાજ્ય મોકલવામાં આવ્યા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા અત્યાર સુધીમાં ૩૫ વિશેષ ટ્રેન દ્વારા ૪૨ હજાર જેટલા અન્ય રાજયોના શ્રમિકો-વ્યકિતઓને તેમના વતન રાજ્ય મોકલવાની વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, આ ૩૫ વિશેષ ટ્રેન ઉપરાંત એસ.ટી બસ મારફતે ૫૫૦૦ તેમજ ખાનગી વાહનો મારફતે ૧.૬૭ લાખ જેટલા અને સુરત મહાનગરમાંથી પરમીટ આપીને પોતાના વાહનો કે ખાનગી વાહનો દ્વારા ૧.૧૪ લાખ મળી સમગ્રતયા ૩.૨૫ લાખ જેટલા અન્ય રાજ્યો યુ.પી. બિહાર, ઝારખંડ, ઓરિસાના શ્રમિકો-વ્યકિતઓને અમદાવાદ-સુરત અને ગુજરાતથી તેમના વતન રાજ્ય મોકલવામાં આવ્યા છે. આવા અન્ય રાજ્યોના શ્રમિકો, કામદારો જે રોજી-રોટી માટે ગુજરાત વસેલા છે તેમને પોતાના વતન રાજ્ય જવાની ઈચ્છા હોય તો રાજ્ય સરકાર પાસ સહિતની વ્યવસ્થાઓ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં કરી આપવા પ્રતિબદ્ધ છે તેની વિગતો પણ શ્રી અશ્વિનીકુમારે આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, અન્ય રાજયોના હોય અને ગુજરાતમાં રોજી-રોટી માટે વસેલા હોય તેવા શ્રમિકોનું ગુજરાતના વિકાસમાં મહત્વનું પ્રદાન છે. આવા શ્રમિકોને વતન જવા માટે તબક્કાવાર આયોજન કરીને તથા સંબંધિત રાજયો સાથે પરામર્શ સંકલન કરીને તેમને વતન રાજ્ય મોકલવાની વ્યવસ્થા હાથ ધરવામાં આવી રહી છે. તેમણે આવા અન્ય રાજ્યોના પરપ્રાંતિય શ્રમિકોને શાંતિ અને સંયમ જાળવવાની મુખ્યમંત્રીશ્રીની અપિલના સંદર્ભમાં જણાવ્યું કે, દરેક શ્રમિકને તેના વતન રાજયમાં જવાની વ્યવસ્થાઓમાં સહયોગ તેઓ આપે.

જિલ્લા કલેકટર તંત્રમાં નોંધાયેલા શ્રમિકોને વતન મોકલવામાં આવે છે અને આવા શ્રમિકોને કલેકટર કચેરીમાં નોંધણી કરાવ્યાથી વતન મોકલવાની વ્યવસ્થાઓ પણ થઇ રહી છે.
મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે તા. ૨ મે થી અન્ય રાજ્યોના શ્રમિકોને ખાસ ટ્રેન મારફતે તેમના વતન રાજયમાં મોકલવામાં આવી રહ્યા છે. તદઅનુસાર, સુરતથી ઓરિસા માટે ૮, બિહાર માટે ૧, ઝારખંડ માટે ૧, વડોદરાથી યુ.પી માટે ૨, અમદાવાદથી બિહાર માટે ૩ અને યુ.પી. માટે ૪, ગોધરા, નડિયાદ, પાલનપુર અને રાજકોટથી યુ.પી. માટે એક એક ટ્રેન સહિત કુલ-૨૩ ટ્રેન દ્વારા અંદાજે ૨૮ હજાર શ્રમિકોને ત્રણ દિવસમાં વતન રાજ્ય મોકલવામાં આવ્યા છે.

એટલું જ નહિ, મંગળવારે પાંચમી મે એ સુરતથી ઓરિસા માટે ૩, યુ.પી. માટે ૩, બિહાર અને ઝારખંડ માટે ૧-૧ એમ કુલ ૮ ટ્રેન મારફતે અંદાજે ૯૬૦૦ લોકો, વિરમગામથી યુ.પી. માટે ૨ ટ્રેન દ્વારા ૨૪૦૦ અને અમદાવાદથી બિહાર અને યુ.પી. માટે એક-એક ટ્રેન એમ કુલ-૧૨ ટ્રેન દ્વારા ૧૪ હજાર શ્રમિકો પોતાના વતન રાજ્યમાં જવા રવાના થવાના છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને સુરતમાં વસવાટ કરી રહેલા સૌરાષ્ટ્રના બોટાદ, ભાવનગર, અમરેલી વગેરે તેમજ ગુજરાતના અન્ય જિલ્લાઓના રત્ન કલાકારોને તેમના વતન ગામ જવા દેવાનું પણ સમયબદ્ધ આયોજન ઘડયું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત વરિષ્ઠ સચિવો સાથે યોજેલી બેઠકમાં આ આયોજન કરાયું છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી. તેમણે આ નિર્ણય અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રીએ આવા રત્ન કલાકારોને પોતાના વતન જિલ્લા-ગામ જવાની સમગ્ર સંકલન વ્યવસ્થા માટે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોરભાઇ કાનાણીની અધ્યક્ષતામાં એક સમિતીની રચના કરી છે.

આ સમિતીમાં કમિશનર ઓફ મ્યુનિસીપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન શ્રી એમ. એસ. પટેલ, નાયબ પોલીસ કમિશનર શ્રી મુલિયાણા, નાયબ મ્યુનિસીપલ કમિશનર શ્રી ઉપાધ્યાય અને સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેકટર શ્રી જાડેજાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સમિતીને બોટાદ, અમરેલી, ભાવનગર તથા ગુજરાતના અન્ય સંબંધિત જિલ્લાના કલેકટર, એસ.પી સાથે સંકલનમાં રહીને સુરતથી પોતાના વતન જિલ્લા-ગામ જનારા રત્ન કલાકારોને માર્ગમાં પણ કોઇ તકલીફ ન પડે તે સુનિશ્ચિત કરવા સૂચવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે આ વિષયે વધુ વિગતો આપતાં જણાવ્યું કે, સુરતમાંથી સૌરાષ્ટ્રના આવા જિલ્લાઓમાં તેમજ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં જવા ઈચ્છતા રત્ન કલાકારોનું આવતીકાલ-બુધવારથી રજિસ્ટ્રેશન જિલ્લા કલેકટર કચેરી ખાતે ઓનલાઈન કરવામાં આવશે.

આ માટે એક પોર્ટલ તૈયાર કરવામાં આવશે અને તે પોર્ટલ પર એક જિલ્લાથી અન્ય જિલ્લામાં ખાસ કરીને સુરતથી અન્ય જિલ્લામાં જનારા વ્યકિતઓએ અરજી કરવાની રહેશે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, એક કન્ટેઈનમેન્ટ ઝોનમાંથી બીજા કન્ટેઈનમેન્ટ ઝોનમાં જવા-આવવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ કે, પોર્ટલ પર અરજી મંજૂર થયા પછી રત્ન કલાકારોનું સ્કીનીગ કરીને સોશિયલ ડિસ્ટન્સીગના નોર્મ્સ અને ફરજીયાત માસ્ક પહેરવાની શરત સાથે બસમાં કે ખાનગી વાહનોમાં આવા રત્ન કલાકારોને ઓલપાડ, અંકલેશ્વર, જંબુસરના માર્ગે વતન સૌરાષ્ટ્ર અથવા અન્ય જિલ્લાઓમાં જવાની તબક્કાવાર મંજૂરી અપાશે.

તેમણે એમ પણ ઉમેર્યુ કે, જો કોઇ વ્યકિતને શરદી, તાવ, ઉધરસ કે અન્ય રોગના લક્ષણો જણાશે તો તેને જવાની મંજૂરી આપવામાં આવશે નહિ. એટલું જ નહિ, રત્ન કલાકારોનું પોતાના વતન જિલ્લા-ગામ પહોચ્યા પછી પણ ફરીથી આરોગ્ય પરિક્ષણ કરાશે અને તેમને ૧૪ દિવસ માટે હોમ કવોરેન્ટાઈન કે જરૂર જણાયે ઈન્સ્ટીટયુશનલ કવોરેન્ટાઈન પણ થવું પડશે એમ પણ તેમણે જણાવ્યું હતું. જો શરદી, તાવ, ઉધરસ, શ્વાસની તકલીફ જણાશે તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં મોકલી અપાશે. આવા રત્ન કલાકારો વતન જિલ્લા-ગામ ગયા પછી ૪૫ દિવસ સુધી સુરત પરત આવી શકશે નહિ એમ પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં વસતા અન્ય રાજયોના શ્રમિકો અને સુરત મહાનગરમાં વસતા સૌરાષ્ટ્રના જિલ્લાઓના રત્ન કલાકારોને પ્રવર્તમાન સ્થિતીમાં પોતાના વતન રાજ્ય-જિલ્લા-ગામ જવા દેવા માટે સંવેદનાપૂર્ણ નિર્ણયો કર્યા છે ત્યારે શ્રમિકો, રત્ન કલાકારો પણ ધીરજ-શાંતિ ધરીને અત્યાર સુધી જે રીતે સહયોગ આપ્યો છે તેને યથાવત રાખે તેવી અપીલ પણ શ્રી અશ્વિનીકુમારે કરી હતી.

સીએમ-પીઆરઓ/અરૂણ

# તેલંગણામાં ફસાયેલી દાહોદ જિલ્લાની ૨૭ દીકરીઓને પરત લવાઈ

તેલંગણાના મલ્કાજગીરી ખાતે નર્સિંગનો અભ્યાસ કરતી દાહોદ જિલ્લાની ૨૭ છાત્રાઓને જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોના પરિણામ સ્વરૂપ પરત લાવવામાં આવી છે. કોરોના વાયરસના કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉનમાં ફસાઇ ગયેલી આ દીકરીઓ દાહોદમાં પોતાના ઘરે આવવા માટે આતુર હતી અને એ માટે તેમણે વિવિધ સ્તરે મદદ માગી હતી. આ બાબતને ધ્યાને લઇ દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક બસ ત્યાં મોકલવામાં આવી હતી. જે બસ આ દીકરીઓને લઇ પરત ફરી હતી.

કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું કે, એકાદ અઠવાડિયા સોશ્યલ મીડિયાના માધ્યમથી આ અંગે જાણી થઇ હતી. તેમાં રજૂઆત કરી હતી કે, તેલંગણાના મલ્કાજગીરી ખાતે આવેલી ક્રિસ્ટીના નર્સિંગ કોલેજ ખાતે દાહોદ જિલ્લાના ગરબાડા તથા ઝાલોદ તાલુકાની ૨૭ દીકરીઓ લોકડાઉનમાં ફસાઇ ગઇ છે. આ દીકરીઓ ત્યાં અભ્યાસ કરે છે અને હવે દાહોદ પરત આપવા માટે છે. આ બાબતની મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તથા રાજય સરકારને તુરંત જાણ કરવામાં આવી હતી અને સરકારે ત્વરિત આ દીકરીઓને સલામત પરત લાવવા માટે સૂચના આપી હતી. તે બાદ પ્રયત્નો શરૂ કરી દેવામાં આવ્યા હતા. સ્વૈચ્છિક સંસ્થાના શ્રી રાજેશભાઇ સિસોદિયાને મલ્કાજગીરીની કોલેજ સાથે સંકલનમાં રહેવાનું કહેવામાં આવ્યું હતું.એ દરમિયાન, દીકરીઓને પરત લાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાએ દિલ્હી સ્થિત ગુજરાત ભવનનો પણ સંપર્ક કર્યો હતો. જયાંથી તેલંગણા ભવન સાથે સંકલન સાધવામાં આવ્યું હતું. દિલ્હી ખાતે આવેલી વિવિધ રાજયના રેસીડેન્સ કમિશનરની કચેરીઓ પણ આ બાબતે સંકલન સાધવાનું કાર્ય કરી રહી છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રીશ્રીના કાર્યાલય, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ તથા રાજય સરકારના તેલંગણાના નોડેલ ઓફિસર શ્રી ધનંજય દ્વિવેદી અને શ્રી પી. ભારતીએ પણ આ દીકરીઓને દાહોદ પરત લાવવા માટે સક્રીય રસ લીધો હતો.

તેમણે ઉમેર્યું કે, ચાર દિવસ પહેલા સૌરાષ્ટ્રથી મહાસાગર ટ્રાવેલ્સની એક બસ હૈદરાબાદ મોકલવામાં આવી હતી. આ વિદ્યાર્થિનીઓ મલ્કાજગીરીથી હૈદરાબાદ આવી હતી અને ત્યાંથી ટ્રાવેલ્સમાં બેસી બે રાત તથા એક દિવસની મુસાફરી કરી આજે સલામત રીતે દાહોદ પરત આવી ગઇ હતી.

વિશેષ બાબત તો એ છે કે, દાહોદથી હૈદરાબાદ સુધીનો માર્ગ ૧૧૦૦ કિલોમિટર જેટલો થાય છે અને સામાન્ય રીતે આટલી મુસાફરી માટે ટ્રાવેલ્સનું ભાડું રૂ. દોઢેક લાખ જેટલું થઇ જાય છે. પણ, દીકરીના કાજે મહિસાગર ટ્રાવેલ્સના સંચાલકોએ એક પણ રૂપિયાનું ભાડું લીધા વિના આ કાર્ય કરી આપ્યું છે. આટલું જ નહી, મુસાફરી દરમિયાન ચા-પાણી અને નાસ્તો પણ બસના ડ્રાઇવર સાજીદભાઇ બેલીમ, મેંજરભાઇ ખાંભલા અને સલીમભાઇ સિપાહીએ કરાવ્યો હતો. ટૂંકમાં, દાહોદની આ ૨૭ દીકરીઓને મુસાફરી દરમિયાન કોઇ પણ પ્રકારની મુશ્કેલી પડવા દેવામાં આવી નહોતી. આ બાબતે ધ્યાને લઇ કલેક્ટરશ્રીએ બસના ક્રુ મેમ્બરનું સન્માન કર્યું હતું.

આ ૨૭ દીકરીઓ આજે સવારે દાહોદ ખાતે આવી પહોંચતા જિલ્લા સેવા સદન ખાતે તેનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. તેના સામાનને સેનિટાઇઝ કરવામાં આવ્યા હતા. બાદમાં, કલેક્ટર શ્રી વિજય ખરાડી અને



જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે દીકરીઓને દાહોદ ખાતે આવકારી હતી અને તમામને હોમ ક્વોન્ટાઇન થવાની સૂચના આપી હતી. તેમણે, નાક અને મ્હોં ઢંકાઇ એ રીતે મોઢે કપડું રાખવા, સામાજિક અંતર રાખવા અને સાબુથી હાથ ધોવા અંગેના કોરોના સામે લડવાના વિજય સંકલ્પ લેવડાવ્યા હતા.

અહીં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તમામ છાત્રાઓની તબીબી તપાસ કરવામાં આવી હતી અને દવાઓ આપવામાં આવી હતી.

બાવકા ગામની છાત્રા તોરલ પરમારે કહ્યું કે, અમે અમારી કોલેજમાં ફસાઇ ગયા હતા. કોરોના વાયરસના કારણે અમને અમને ખૂબ જ ચિંતા થતી હતી. આ માટે અમે દાહોદ અમારા ઘરે પરત આવવા માટે મદદ માંગી હતી. જેનો અમને સકારાત્મક જવાબ મળ્યો હતો. આજે અમે સલામત રીતે ઘરે આવી ગયા છીએ. આ બદલ અમે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને દાહોદના કલેક્ટર શ્રી વિજયભાઇ ખરાડી તથા રાજેશભાઇનો આભાર માનીએ છીએ. જો તેમણે આ પ્રયત્નો કરી કર્યા હોત તો હજુ અમે ફસાયેલા જ હોત.

બાદમાં, આ દીકરીઓનું તેમના પરિવારજનો સાથે મિલન થયું ત્યારે પણ ભાવુક દ્રષ્યો સર્જાયા હતા. પોતાની દીકરી સુરક્ષિત રીતે પરત આવવાની ખુશી વાલીઓના ચહેર ઉપર સ્પષ્ટ જોવા મળી હતી.

અભેસિંહ રાવલ દાહોદ

# કોરોના થી બચવા સુઠ નો ૧૫૦૦ લોકો ઉપાર કરેલ સફળ પ્રયોગ

કોરોના સામે લડવા માટે કચ્છના માધાપરમાં કોરોના સામે ૧૫૦૦ લોકો પર ×સૂંઠ×નો સફળ પ્રયોગ કરવામાં આવ્યો છે જામનગર આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ પ્રિન્સીપાલ ડો.હિતેશ જાનીએ કોરોના સામે બચવા રક્ષાચાવી આપી છે. જેમાં ફકત એક ચપટી સૂંઠથી કોરોનાને હરાવવા અપીલ કરાઈ છે

વિશ્વભરમાં કોરોનાએ લાખો લોકોના જીવ લઈ હાહાકાર મચાવ્યો છે.વિશ્વના દેશો કોરોનાની દવા શોધવામાં વ્યસ્ત છે.તે વચ્ચે નિષ્ણાંતો ભારતની પ્રાચીન આયુર્વેદીક ઉપચારથી મહામારીને નાથવા પ્રયાસો કરી રહ્યા છે કચ્છના માધાપરમાં મોટાભાગના લોકો એનઆરઆઈ સાથે સંકળાયેલા છે.તે ગામમાં કોરોનાના ૩ પોઝીટીવ કેસ જાહેર થયા હતા.જે પૈકી એક દર્દીનું મોત થતા આખુ ગામ હોમકોરન્ટાઈન કરી દેવામાં આવ્યુ હતું. દોઢ લાખની વસ્તીનાં ગામના બે વિસ્તારોમાં તાલુકા પંચાયતના પ્રમુખ હિતેષ ખંડોલના સહયોગથી મુખ્ય કાર્યકર્તા અરવિંદભાઈ ઠક્કર અને અરૂણભાઈ ચૌહાણ છેલ્લા કેટલાક દિવસથી કોરોના સામે બચવા સૂંઠના પાવડરનું વિતરણ કરી રહ્યા છે. અને આ સૂંઠના પાવડરનો કેવી રીતે ઉપયોગ કરાય તે અંગે ઘરે ઘરે ફરી માર્ગદર્શન આપી રહ્યા છે. સૂંઠના પ્રયોગને આંશિક સફળતા મળી છે.અને છેલ્લા કેટલાક દિવસથી માધાપર ગામમાં એક પણ શંકાસ્પદ કેસ જોવા મળ્યો નથી .ફકત ૧ ગ્રામ સૂંઠપાવડર દિવસમાં બે વાર જીભ પર મુકવાનો છે.થોડીવારમા તે લાળ સાથે ભળી સમગ્ર મુખ અને કંઠ સુધી ફેલાયેલી લસીકાગ્રંથી દ્વારા તેના પ્રભાવથી આખુ ગળુ શુદ્ધ કરી નાખશે.૫ મીનીટ મોઢામાં એને ભરી રાખી બાદમાં ગળામાં ઉતારી જવાની છે.આ સૂંઠનો રસ પાચનમાં પણ મદદ કરે છે.જેથી નવો કાચો કફ બનતો જ નથી.અને ઈન્ફેકશનથી બચી શકાય છે. તેમજ ફકત મગના દાણા જેટલો સૂંઠનો પાવડર લઈ દિવસમાં એક વખત નાક વાટે સુંઘવાનો છે.સૂંઠના ઉષ્ણ અને તિક્ષ્ણ એવા બે વિશિષ્ઠ ગુણના કારણે નાસીકાની મેન્બ્રેન દ્વારા તેનુ અનુશોષણ થઈ સાયનસ અને શ્રુધાટક મર્મ સુધી પહોંચીને ત્યાંથી ચોંટેલા કફને પીગળાવી બહાર કાઢે છે.ફેફસાને પણ સાફ કરે છે.જેથી ઈન્ફેકશન અંદર પ્રવેશતુ અટકે છે.નોંધનીય છે કે કોરોના વાયરસનો નાક કે મોઢા દ્વારા પ્રવેશ થતા શ્વાસ નળી અને પછી ફેફસાના અને ગળાના કોષોને દૂષિત કરે છે.જેથી ફેફસા પાસેની લસીકા લીક થાય છે.અને શ્વાસ લેવામાં તકલીફ પડયા બાદ શ્વસન તંત્ર અવરોધાતા માણસ મૃત્યુ પામે છે.જ્યાંથી કોરોના પ્રવેશે છે તે નાક વાટે સૂંઠનો પાવડર સુંઘવાથી અને ગળામાં જીભ પર બે ટાઈમ એક ચપટીક સૂંઠનો પાવડર મુકવાથી કોરોનાના ઈન્ફેકશન સામે જબ્બર રક્ષણ આપે છે.

## ખબરદાર....!!! સરકારી નોકરી કરતા કર્મચારીઓએ

# નોન NFSA કાર્ડધારકો એ મફત અનાજનો જથ્થો લીધો તો ખાતાકીય તાપસ થશે


અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકારે તાજેતરમાં લોકડાઉનના પગલે રાજયના NFSAના કાર્ડ ધારકોને પણ મે મહિનામાં બીજીવાર અનાજ મળશે ૬૧ લાખ રેશનકાર્ડ હોલ્ડરોને પરિવારદિઠ ૧૦ કિલો ઘંઉ, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડનું વિનામૂલ્યે ૭મી મેથી વિતરણ કરવાનો નિર્ણય કર્યા બાદ મુખ્યમંત્રીએ NFSA અને નોન NFSAના ૬૮.૮૦ લાખ કાર્ડધારકોના ૩.૩૬ કરોડ નાગરીકોને પણ બીજીવાર મે મહિનામા વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.ત્યારે અરવલ્લી જીલ્લા પુરવઠા અધિકારીએ સરકારી નોકરી કરતા કર્મચારીઓએ નોન NFSA કાર્ડધારકોએ અનાજનો જથ્થો લીધો તો ખાતાકીય તાપસ થશે અને તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશેનો પરિપત્ર કરતા કર્મચારીઓ અનેક ચર્ચાએ જોર પકડ્યું છે . સોમવારે અરવલ્લી જીલ્લા પુરવઠા અધિકારીએ દરેક

સરકારી કચેરીઓમાં પરિપત્ર કરી જણાવ્યું છે કે સરકાર દ્વારા દ્વારા Non NFSA ( APL - 1 ) કાર્ડ ધારકોને વિના મૂલ્ય અનાજ તા . ૦૭ / ૦૫ / ૨૦૨૦ થી તા . ૧૧ / ૦૫ / ૨૦૨૦ સુધી વિતરણ કરવા જાહેરાત કરવામાં આવેલ છે . હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં નોન - એનએફએસએ IPL - 1 કાર્ડધારકોમાંથી જરૂરીયાતવાળા લોકો જ અનાજ મેળવે જયારે સરકારી નોકરી કરતા હોય તેવા કર્મચારીઓ નોન - એનએફએસએ IPL - 1 કાર્ડ ધરાવતો હોવા છતાં વિનામૂલ્ય અનાજનો લાભ ન લે તે ઈચ્છનીય છે . પરંતુ ભવિષ્યમાં પત્રાકોની તપાસ કરતા માલુમ પડશે કે કોઇ કર્મચારીએ વિના મૂલ્ય અનાજનો ઉપાડ કરેલ છે તો તેની વિરૂધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવશે .

રાજ્ય સરકારનો નોન - એનએફએસએ APL - 1 કાર્ડધારકોને વિના મૂલ્ય રાશન આપવાનો ઉદ્દેશ એ છે કે જે ગરીબ નાગરિકો BPL , NFSA કે અંત્યોદયમાં આવરી નથી લેવામાં આવ્યા તેવા લોકો આ કપરી સમસ્યામાં રાશન વગર હાલાકી અને હાડમારીનો સામનો ના કરે જેથી આ કામ લોક હિતનું કામ હોઈ અને નિરાધારને આધાર આપવાનું હોય છે પણ સરકારી કર્મચારી આનું ઉલ્લઘંન કરશે તો કચેરીના વડાએ કર્મચારી વિરુદ્ધ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની રહેશે તેમ પરિપત્રમાં જણાવ્યું છે

# મોડાસાની સીમાનાની સોસાયટીનો ૩૧ વર્ષીય યુવક કોરોનાની ઝપેટમાં



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસની મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ૨૧ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે જેમાં એક વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અત્યાર સુધી જિલ્લામાં જે પણ કેસ બહાર આવ્યા છે તે તમામની ટ્રાવેલીંગ હિસ્ટ્રી છે. જિલ્લામાં કોઈ લોકલ હિસ્ટ્રીમાં કેસ હોય તેવું બહાર આવ્યું નથી.મોડાસા શહેરમાં ૩૧ વર્ષીય હનીફ ઉસ્માનગની ગુજરાતી નામનો યુવક પણ માતાની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગયા બાદ કોરોનામાં સપડાતા વધુ એક કોરોના પોઝેટીવ કેસમાં ટ્રાવેલ હિસ્ટ્રી બહાર આવી છે

પ્રાપ્ત માહિતી મુજબ, મોડાસા શહેરની સીમાનાની સોસાયટીમાં રહેતો હનીફ ઉસ્માનગની ગુજરાતી નામનો

૩૧ વર્ષીય યુવક તેની માતાને કિડનીની ગંભીર બીમારી હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા પરિવાર સાથે માતાની દેખરેખમાં રહ્યો હતો ૭ દિવસ અગાઉ તેની માતાનું મોત નિપજતા પરિવાર સાથે મોડાસા પહોંચ્યો હતો જેમાં યુવકની તબિયત લથડતા કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયો હતો યુવકને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા યુવકનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રએ યુવકના પરિવાર અને તેના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી હોમકોરન્ટાઈન કરી સર્વેની કામગીરી માટે તજવીજ હાથધરી હતી

મોડાસા શહેરમાં મોડાસામાં વધુ ૧ કેસ કોરોના પોઝીટીવ આવતા અત્યાર સુધી મોડાસા શહેરમાં કોરોનાનો ત્રીજો કેસ બહાર આવ્યો છે અગાઉ મોડાસા શહેરમાં શેલ્ટર હોમનો શ્રમિક સાઈ મંદિર નજીક ના યુવકનો કેસ પોઝીટીવ આવ્યા બાદ સીમનાની સોસાયટીમાં રહેતા હનીફ ઉસ્માનગની ભાઈ ગુજરાતી નામનો ૩૧ વર્ષીય યુવકનો કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્રમાં દોડધામ મચી છે

કોરોનાએ મોડાસા શહેરને સકંજામાં લીધો હોય તેમ એક પછી એક પોઝીટીવ કેસમાં વધારો થઈ રહ્યો છે. અરવલ્લીના મોડાસા, મેઘરજ, ભિલોડા, બાયડ તેમજ ધનસુરા પાંચ તાલુકામાં કોરોનાએ હડકંપ મચાવ્યો છે.જિલ્લામાં એક સાથે ૧૫ કેસ જુદા જુદા વિસ્તારોમાં નોંધાયા હતા. આ તમામની ટ્રાવેલીંગ હિસ્ટ્રી હોવાનું તંત્ર દ્વારા જણાવાઈ રહ્યું છે. ત્યારે દિવસેને દિવસે કેસમાં વધારો થતો હોય તેમ લાગી રહ્યું છે.

# PPE કીટમાં વપરાતું મટીરીયલ હલકી ગુણવત્તાનું હોવાના ગંભીર આક્ષેપો કરતા અશોક ડાંગર



રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અશોકભાઈ ડાંગર અને રાજકોટ મનપાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાની અખબારી યાદી જણાવે છે કે કોરોનાના દર્દીઓની સારવાર કરનાર ડોક્ટરો, નર્સો, વોર્ડ બોય અને સમગ્ર મેડીકલ સ્ટાફ કે જે લોકો કોરોનાના દર્દીઓની સંભાળ લેતા હોય તે તમામને PPE કીટ (પર્સનલ પ્રોટેક્ટીવ ઈકવીપમેન્ટ) નો ઉપયોગ કરતા હોય છે ભારત સરકારના ટેક્સટાઈલ મીનીસ્ટ્રીના તા.૬/૪/૨૦૨૦ના પત્ર થી જણાવ્યા મુજબ PPE કીટ ને બનાવવાનું મટીરીયલ કેવું હોવું જોઈએ ? કોણ એની મંજૂરી આપે ? કોણ ઉત્પાદન કરી શકે ? તેનું સ્ટાન્ડર્ડ કેવું હોવું જોઈએ ? અને જો હલ્કી- નબળી ગુણવતા વાળું હોય તો તેની જવાબદારીઓ કોની હોય તે પણ નક્કી કરવામાં આવેલ છે. વશરામભાઈ સાગઠીયાએ આજરોજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી, આરોગ્ય કમિશ્નરશ્રી, આરોગ્ય સચિવશ્રી, રાજકોટ કલેકટરશ્રીને રજૂઆતમાં પત્ર લખી PPE કીટ વિશેની માહિતી મોકલેલ છે અને ઉપરોક્ત અધિકારીઓ અને પદાધિકારીઓ આમાં ગંભીર તપાસ કરાવે તેવી માંગણી કરેલ છે કે હાલ ગુજરાતમાં એક અંદાજ મુજબ ૪૦૦-૪૫૦ કંપનીઓ ઈ કીટનું ઉત્પાદન કરવા લાગી છે અને તેમાંથી રાજકોટમાં પણ એક અંદાજ મુજબ ૧૨-૧૫ કંપનીઓ ઈ કીટનું ઉત્પાદન કરી રહી છે અમારી માંગણી છે કે આ કંપનીઓમાં એકલ-દોકલને બાદ કરતા સરકારની ગાઈડલાઈન મુજબનું મટીરીયલ વપરાતું નથી તેવું અમારું માનવું છે આપ તેની તપાસ કરાવો તેવી પણ અમે માંગણી કરી છે PPE કીટનું મટીરીયલ નોનવુવન પોલી પ્રોપાલીન -90 GSM SS MM S (ગ્રામ સ્કેલ મીટર સ્પુન સ્પુન મેલ્થબોન મેલ્થબોન સ્પુન) હેલ્થ કેર ટેક્સ્ટાઈલ મટીરીયલ્સની બનેલ હોવી જોઈએ અથવા તો ઉપરોક્ત મટીરીયલમાં ઓછા ય્જીસ સાથે બ્રીથેબ્લ લેમીનેટેડ મટીરીયલની હોવી જોઈએ તો અમારી માંગણી છે કે હાલ જે PPE કીટ બની રહી છે તે ઉપરોક્ત મટીરીયલ માંથી PPE કીટ બનાવી રહ્યા છે કે કેમ તેની તપાસ કરવી જોઈએ અમારા ધ્યાનમાં આવેલ છે તે મુજબ એકલ-દોકલ કંપનીને બાદ કરતા તમામ ઈ કીટના વેંચાણકારો અને ઉત્પાદકો ટેક્સટાઈલના મટીરીયલમાં ખાલી જીજી કક્ષાનું મટીરીયલનો ઉપયોગ કરી ડોક્ટરો અને મેડીકલ સ્ટાફની જિંદગી સાથે ખીલવાડ કરી રહ્યો હોય અને આ હલ્કી ગુણવતા થી તેમની જિંદગી પણ જોખમાય નહી તે જોવાની પણ ફરજ સરકારશ્રીની છે અમુક વિતરકો યેનકેન પ્રકારે સરકારી એજન્સીઓ પાસેથી લાયસન્સ મેળવી લઇ સરકારી તેમજ પ્રાઈવેટ ડોક્ટરોને હલ્કી ગુણવતા વાળી PPE કીટ આપે છે જો સરકાર આવી હલ્કી ગુણવત્તાની ઈ કીટ તપાસ કર્યા વગર ખરીદશે અને ડોક્ટર કે સ્ટાફની જિંદગી સાથે ચેડા થાય તેની જવાબદારી સરકારની છે તો સરકારશ્રીએ ઉચ્છ ગુણવત્તા વાળું અને મીનીસ્ટ્રી ઓફ હેલ્થ તેમજ મીનીસ્ટ્રી ઓફ ટેક્સટાઈલ ભારત સરકાર વગેરેના માર્ગદર્શન નીચે SITRA (સાઉથ ઇન્ડિયા ટેક્સ્ટાઈલ રીસર્ચ એશોશિયન) અને DRDE (ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસ્ટાબ્લીસમેન્ટ) માંથી મંજૂર થયા મુજબનું જ મટીરીયલ્સ વપરાણું છે કે કેમ તેની તપાસ કરીને જ ઈ કીટ મેડીકલ સ્ટાફને આપવી જોઈએ કારણકે ઉત્પાદકો SITRA તેમજ DRDE ની મંજૂરી મેળવ્યા પછી હલ્કી ગુણવત્તા વાળું મટીરીયલ વાપરી ડોક્ટરો, સ્ટાફ અને તેના પરિવારો ને નુકશાન ન થાય તે જોવાની જવાબદારી પણ સરકારની રહેશે અમારી એ પણ માંગણી છે કે અમદાવાદમાં જે ડોક્ટરો અને સ્ટાફને કોરોના પોઝીટીવ આવ્યો તેમાં પણ કઈ ઈ કીટ વપરાઈ હતી તેની પણ તપાસ થાય તો ઘણુંબધું બહાર આવે તેવી શક્યતા છે.

ભારતમાં PPE કીટ માટેનું કાપડ બનાવતી કંપનીઓ માત્ર ૧૮ છે અને આ ૧૮ કંપનીઓ જ સર્ટીફાઈડ થયેલ છે તે કંપનીઓ સિવાય અન્ય કંપનીઓ માંથી મટીરીયલ ખરીદવું ના જોઈએ સરકારે આ ૧૮ કંપનીઓ માંથી જ મટીરીયલ ખરીદાયું છે કે કેમ તેની તપાસ કરાવી જોઈએ જો સરકાર ઉપરોક્ત બાબતોની તપાસ કર્યા વગર PPE કીટની ખરીદી કરશે અને જો કોઈની જિંદગી સાથે ચેડા થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સરકારની જ રહેશે તેથી આ બાબતે સરકારશ્રી ગંભીરતાપૂર્વક પગલા લેવડાવે તેવી માંગણી અશોકભાઈ ડાંગર અને વશરામભાઈ સાગઠીયા દ્વારા કરવામાં આવેલ છે.

કોંગ્રેસ હેલ્પલાઈન કામગીરી કરતા કોંગ્રેસના આગેવાનો કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટ ,કોર્પોરેટર વલ્લભભાઈ પરસાણા, શૈલેષ ભાઈ રૂપાપરા,હરિભાઈ રાઠોડ,ગોપાલ મોરવાડિયા, વિમલ મૂંગરા,નિમેષ ભંડેરી,બાબુભાઇ સાવલિયા (વિરલ ભટ્ટ)

# મોડાસા શહેરમાં શાકભાજી વિક્રેતાઓને ત્યાં સોશીયલ ડિસ્ટન્સીંગ માટે સર્કલ બનાવ્યા



અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનુ સંક્રર્મણ વધુ જોવા મળ્યુ જેને લઇ જિલ્લો રેડ ઝોનમાં આવતા શહેરમાં વિશેષ તકેદારી રાખવમાં આવી રહી છે. જેને લઈ મોડાસા શહેરમાં સોશ્યિલ ડિસ્ટન્સીગના અમલ માટે શાકભાજી વિક્રેતાઓ માટે સર્કલ બનાવવામાં આવ્યા છે.

જેમ અમદાવાદ શહેરમાં શાકભાજી વિક્રેતાઓ સુપર સ્પ્રેડર સાબિત થયા જેને લઈ શાકભાજીના વેચતા ફેરીયાએ એક જ જગ્યાએ ઉભા રહી વેચાણ કરે તે માટે મોડાસા શહેરના માલપુર રોડ, એસ.ટી રોડ તથા મેઘરજ રોડ પર સર્કલ બનાવવામાં આવ્યા છે. જેથી શહેરના નાગરીકો દ્વારા સોશીયલ ડિસ્ટર્સીગનુ પાલન થાય અને કોરોનાનુ સંક્ર્મણ અટકે તે માટે નગરપાલિકા દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.

## કેશોદના અગતરાય ગામના

# ખેડૂતનો ભૂમાફિયાઓનાં કારણે આપઘાત કરી મોતને વહાલું કર્યું



કેશોદ

(રાજુભાઈ પંડ્યા) દેશમાં ખેડૂતોની આત્મહત્યા અટકતી નથી. દિવસે ને દિવસે ખેડૂતો ની આત્મહત્યાની ઘટના સામે આવતી હોય છે ત્યારે આજે જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના અગતરાય ગામે ફરી આવી ઘટના જોવા મળી છે. કેશોદના સવજીભાઈ જીવરાજ મારડિયા ઉંમર વર્ષ ૭૦ કેશોદના અગતરાય ગામના રહેવાસી એ જમીન વેચાણ સાટાખત કર્યા બાદ સામે ખરીદનારને રકમ ન આપી શકતા ધમકીઓ મળવાથી આપઘાત કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે ખેડૂત પુત્ર દ્વારા ભૂમાફિયા પર પિતાને મરવા સામે મજબૂર કર્યાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે હાલ તો મૃતકની લાશને કેશોદ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે મોકલવામાં આવી છે.

હવે, તો ખેડૂતોની આત્માહત્યા જાણે એક રોજિંદી ઘટના જેવી લાગવા લાંગી છે. જમીન વેચાણ ના ડખામાં ડૂબેલાં ખેડૂતે પોતાના ઘરે ગળાફાંસો ખાઇ આત્માહત્યા કરી હોવાનું સામે આવ્યું છે ખેડૂત ના પુત્ર દ્વારા ભૂમાફિયા સામે ન્યાયની માંગણી કરવામાં આવી રહી છે , હાલ તો સમગ્ર ઘટનાની કેશોદ પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. કેશોદ તાલુકાના ઘણાં ગ્રામ્ય વિસ્તારોમાં ભુમાફીયાઓ દ્વારા કિંમતી જમીનો પર સાટાખત કે કબ્જા દસ્તાવેજ કરી ને ખેડૂતો પર માનસિક ત્રાસ કે ધાકધમકી આપતાં હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા કડકાઈ થી કાર્યવાહી કરવામાં ન આવતાં ભૂમાફિયાઓ ને છુટો દોર મળી ગયો છે. નિર્દોષ ખેડૂતો ને આર્થિક નુકસાની વેઠવી પડે છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા પગલાં ભરવામાં આવે તો નિર્દોષ ખેડૂતો ને જીવ ગુમાવવાનો વખત આવે નહીં.

## ઈડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા


# એ.એસ.આઈ દિપકભાઈએ એક મહિનાનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવ્યો



સમગ્ર વિશ્વ કોરોના સામે લડાઇ લડી રહ્યું છે. આ સમયમાં ભારતના વડાપ્રધાનના લોકડાઉનના નિર્ણય થકી ભારત દેશમાં કોરોનાનો ફેલાવો નિયંત્રીત કરી શકાયો છે.પોલીસ દ્વારા લોકડાઉનનો અમલ કરાવી જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે. ત્યારે ઇડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઇ દિપકભાઇએ પોતાનો એક મહિનાનો પગાર કોરોના સામેની લડાઈ માટે મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવ્યો હતો. લોકડાઉનનો અમલ કરાવવા પોલીસ તંત્ર ૨૪ કલાક ખડે પગે રહીને પોતાના સ્વસ્થ્યની ચિંતા કર્યા વિના નાગરીકો માટે ફરજ બજાવી રહ્યા છે. જે દેશના ફ્રન્ટ લાઈન કોરોના યોધ્ધા છે.આ યોધ્ધાઓ ઉનાળાની ૪૨ ડીગ્રી ગરમીમાં રોડ રસ્તાઓ પર ખડે પગે ફરજ બજાવી રહ્યા છે. પોલીસ કર્મી પોતાના પરીવારની ચિંતા છોડી આપણા માટે અસહ્ય ગરમીમાં ફરજ બજાવી રહ્યા છે. ઈડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા આ કોરોના યોધ્ધા એ.એસ.આઇ દીપકકુમાર ગોવાભાઇએ મુખ્યમંત્રી શ્રીની સહાયની અપીલને પગલે પોતાનો એક માસનો પગાર રૂ. ૨૫૦૯૩/-નો ચેક મુખ્ય મંત્રી રાહત ફંડમાં જમા કરાવ્યો હતો. દિપકભાઇએ જિલ્લા પોલીસ વડાશ્રી ચૈતન્ય માંડલીકને મળી પોતાના વેતનનો આ ચેક રાહત ફંડમાં જમા કરાવવા અર્પણ કર્યો હતા.. કોરોના વોરીયર દ્વારા કરવામાં આવેલ આ આર્થિક સહાય ફૂલ નહી પરંતુ ફૂલની પાખડી સમાન છે. જે પોતાના એક મહિનાના પરીશ્રમથી મેળવી પોતાના પરીવારનુ ભરણ-પોષણને બદલે દેશ સેવા માટે અર્પણ કર્યુ છે. આ સેવા-ભાવનાને જિલ્લા પોલીસ વડા અને સાથી પોલીસ કર્મિઓ દ્વારા બીરદાવવામાં આવી હતી. એક સલામ કોરોના વોરીયર્સ કે નામ.

અહેવાલ -ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)

# હોતાવડાના દલાભાઈ લોકડાઉન જેવી પરિસ્થિતિમાં પણ લોકો માટે ખડેપગે



હાલમાં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે લોકોને પણ જીવન નિર્વાહ માટે ચીજ વસ્તુઓની જરૂર પડતી હોય છે તેવા કપરા સમયમાં પણ જરૂરિયાતમંદ સુધી દાતાઓ તથા સંસ્થાઓ કરિયાણા કીટ પહોંચાડી માનવતાનું ઉતમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તેવી જ રીતે તે એક એવા વ્યક્તિ જે આવા કપરા સમયમાં પણ લોકોની સમસ્યાઓ જાણી નિકાલ લાવવા પ્રયત્નો કરતા હોય છે દાતાઓ દ્વારા આપેલ કીટ પણ રૂબરૂ જઈ જરૂરિયાતમંદ સુધી પહોંચાડતા હોય છે કોઈ પણ લોક સેવાની કે લોક જાગૃતિ મિટિંગમાં પણ તેમની હમેશા હાજરી હોય છે લોકડાઉન દરમિયાન બીજા લોકો જરૂરિયાતમંદ વ્યક્તિઓને કઈ રીતે મદદરૂપ થાય છે તેમને પણ પ્રોત્સાહન આપતા હોય છે આવા કપરા સમયમાં પણ જરૂરિયાતમંદ સુધી કીટ પહોંચાડવામાં હાજરી હોય છે તેવા જ વડગામ તાલુકાના હોતાવડા ગામના સમાજસેવક દલાભાઈ ચેલાભાઇ પરમાર ની અનેક કામગીરીમાં હાજરી હોય છે તે બદલ હું કપિલ એસ.ચૌહાણ અભિનંદન પાઠવું છું હમેશા આવી જ રીતે મદદરૂપ થતા લોકોને હિંમત આપવી જોઈએ જેથી તેમના કાર્યો થી બીજા લોકોને પણ પ્રેરણા મળી શકે.



હાલમાં કોરોનાવાયરસ ના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે ગ્રામ પંચાયત અને આરોગ્ય વિભાગ સક્રિય બન્યું છે અને ગ્રામ પંચાયતના તમામ વિસ્તારોમાં રોગ પ્રતિકારક શકિત માટે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ગ્રામ પંચાયત વિસ્તારમાં સતત સાત વાર શેની ટાઈઝ કરવામાં આવ્યું હતું લીમખેડા ગ્રામ પંચાયતના સરપંચ દિનેશભાઈ ભરવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં સતત તેની ટાઈઝ તેમજ દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.


# કોરોનાના વળતા હુમલા બાદ ગાંધીનગરનો ૨૫% વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન જાહેર

ગાંધીનગર,તા.૦૫

અગાઉ કોરોના મુક્ત જાહેર થયેલુ ગાંધીનગર ફરી એક વખત કોરોનાના સંક્રમણમાં સપડાયુ છે. શહેરનો ૨૫ ટકા વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન તરીકે જાહેર થયો છે. પાટનગરના કેન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારમાં ૨૫૦૦થી વધુ મકાનોનો સમાવેશ થાય છે. જિલ્લાના ૩૦ ટકા કરતા વધુ ગ્રામ્ય વિસ્તાર કન્ટેન્મેન્ટ જોન જાહેર કરાયા છે. ગાંધીનગરમાં કોરોનાના કુલ ૭૭ કેસ નોંધાયા છે અને ૩ દર્દીના મોત પણ થઈ ચુક્યા છે. જિલ્લા વહીવટી તંત્રએ કોરોના ડામવા માટે સ્થાનિક સ્તરે નવી ત્રણ કોવિડ હોસ્પિટલ શરૂ કરી છે અને જિલ્લામાં માસ ટેસ્ટીંગ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં દિન પ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે હાલમાં સિવિલ હોસ્પિટલમાં આ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

તો બીજી બાજુ અન્ય રોગ માટેના દર્દીઓ પણ મોટી સંખ્યામાં આવતાં હોવાથી પરસ્પર સંક્રમણની સંભાવના ટાળવા જિલ્લા વહિવટી તંત્ર અને કોર્પોરેશન દ્વારા શહેર નજીક આવેલી ત્રણ હોસ્પિટલોને કોવિડમાં તબદીલ કરવામાં આવી છે. જ્યાં આગળ કોરોના પોઝિટિવ દર્દી સારવાર કરાવશે તો તેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

# ધનસુરા તાલુકાના ના દોલપુર ગામના અગ્રણીનું અવસાન



મોટી ઈસરોલ, તા.૫

અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકા ના દોલપુર ગામના અગ્રણી નું અવસાન થયું હતું. ભેંસાવાડા ગ્રામ પંચાયત ના ડેપ્યુટી સરપંચ નટુભાઈદેસાઈ(દોલપુર) ના પિતા વિનોદભાઈ રગાભાઈ દેસાઈ નું અવસાન થયું હતું.વિનોદભાઈ દેસાઈ દોલપુર ગામ ના અગ્રણી હતા તેઓ ભેંસાવાડા ગ્રામ પંચાયત માં સરપંચ પણ હતા.તેમના અવસાન થી સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી.ભેંસાવાડા ના ડેપ્યુટી સરપંચ નટુભાઈદેસાઈ ના પિતા નું અવસાન થતા અગ્રણીઓ એ શ્રધ્ધાંજલિ આપી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.